© AJH 2022 | Vol. 04, Issue 04, October – December 2022

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# અમદાવાદનો અતુલ્ય વારસો: સીદી સઇદની જાળી

**કલસરિયા નિલેશ જાદવભાઈ**

રીસર્ચ સ્કોલર, સમાજવિદ્યા ભવન - ઈતિહાસ વિભાગ,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

***Abstract:***

*ભારતના ઇતિહાસમાં એક નજર કરીએ તો અનેક વિદેશની પ્રજાઓ આવી અને પોતાનું આગવું યોગદાન આપ્યું છે. તેમાં મધ્યકાળ માં અમદાવાદમાં અને ગુજરાતમાં અનેક સ્થાપત્યો નું નિર્માણ થયું જેમાં સૌથી મહત્વનું સ્થાપત્ય સીદી સઈદની જાળી છે. તેમાંના એક આફ્રિકન ગુલામ સીદીસઈદ દ્વારા નિર્માણ પામેલી અમદાવાદની સીદીસૈયદની જાળી જે જગવિખ્યાત છે. તે ગુલામ હોવા છતાં રાજાના વફાદાર વ્યક્તિ તરીકે સ્થાન પામ્યા હતા. સીદી સઈદની જાળી અમદાવાદમાં લાલ દરવાજા પાસે આવેલી છે. જેમાં પથ્થરના ચોસલાઓની એકઠા કરી ખજુરી ની આકૃતિ કોતરવા માં આવેલી છે. આ જાળીની મુલાકાત અનેક વિદેશી મુસાફરોએ પણ લીધી છે અને તેના ખૂબ જ વખાણ કર્યા છે.*

***Keywords:***

*ગુલામ, મધ્યકાળ, સીદી(આફ્રિકન, હબસી), રસાલા, આઈ.આઈ.એમ. અમદાવાદ, પુરાતત્વ વિભાગ.*


## પ્રસ્તાવના

અમદાબાદ સાબરમતી નદી ને કિનારે વસેલું એતિહાસિક નગર છે. આ નગર નું જુનું નામ 'આશાવલ' અને 'કર્ણવતી' હતું. આ શહેર ને ભારત નું માન્ચેસ્ટર પણ કહેવામાં આવે છે.ગુજરાત રાજ્ય નું ઔધોગિક શહેર પણ છે આ નગર ની સ્થાપના ઇ.સ. ૧૪૧૧ માં સુલતાન અહમદશા એ કરી તેથી આ નગર નું નામ "અહમદાબાદ" પડ્યું. મધ્યકાલ માં મોગલ અને મરાઠા કાલ પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું. બ્રિટીશકાલ દરમ્યાન સ્વતંત્રતા સંગ્રામ માં અમદાવાદ એક પ્રમુખ કેન્દ્ર રહ્યું, મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપેલ સાબરમતી આશ્રમ અને ત્યાંથી થયેલા અનેક

આંદોલન ની સાક્ષીરૂપે આ શહેર મોજુદ છે. અમદાવાદ હાલ માં વેપાર-વાણીજ્યની દ્રષ્ટિ ગુજરાત રાજ્ય નું મુખ્ય કેન્દ્ર છે. આ નગર માં અનેક જોવા લાયક સ્થળો આવેલા છે.જેમાં મધ્યકાળ, મરાઠાકાલ અને બ્રિટીશકાલ દરમિયાન ના છે.પરંતુ સૌથી ઉત્તમ સુલતાન અહમદશા ના સમય માં બંધાયેલા સ્થાપત્યકળાના નમુનાઓ અજોડ અને અતુલ્ય છે.

અમદાવાદ માં જોવા લાયક પ્રાચીન સ્થળ માં સરખેજનોરોજો, કાંકરિયા- તળાવ, જામામસ્જીદ, રાની શીપ્રીની મસ્જીદ, હઠીસિંગનું જૈન મંદિર, કેલિકો મ્યુજીયમ,સીદીસઇદ ની જાળી, જુલતા મિનારા,લાલ દરવાજા અને ભદ્રનો કિલો,એલીસબ્રીજ, ગુજરાત કોલજ,અમદાવાદના ત્રણ દરવાજા, સાબરમતી આશ્રમ અનેક જોવાલાય સ્થળ આવેલા છે.

**સીદી સઇદ:-**



સીદી સઇદ નો જન્મ હબ્સા માં થયો હતો.પછી યમનમાં તુર્કો ની ફોજ માં જોડાયા અને પછી મુસ્તુફા રૂમીખાનની સાથે ગુજરાત માં આવ્યા.તે ગુજરાત ના ૧૦માં સુલતાન નસીર-ઉલ—દિન મેહમૂદ શાહ તૃતીય ના શાસન કામ માં આ મસ્જીદ નું નિર્માણ કરાવ્યું હતું.પછી સુલતાન મેહમુદ નો વિશ્વાસુ સાથીદાર બની ગયા .પછી ના સમય માં નાશીર-ઉલ-દિન ના સેનાપતિ ઝુઝારખાન ના રસાલા માં જોડાયો અને ઝુઝારખાન સીદી સઇદ ને પોતાનો ભાઈ માનતો હતો અને બને વચ્ચે એટલી મહોબત વધી કે સીદી સઇદ ઝુઝારખાન અને તેના ભાઈએ તેની ભલાઈ અને વફાદારી ની કદર માટે પચાસ લાખ ની આવક વાળું ગામડું તેને ભેટ માં આપી દીધું. સુ.મેહમુદ ના અવસાન બાદ રાજ્ય ના એક મોટા ભાગ પર કબજો કરી લીધો ત્યાર બાદ સીદી સૈયદે અનેક કલ્યાણ ના કામ કર્યા. સીદી સઇદ સદાચારી હોવાથી તેને આવક માંથી લંગરખાનું(સદાવ્રત)ચાલુ કર્યું.પુસ્તકાલય

બનાવ્યું જેમાં દેશ ને વિદેશ ના બધાજ પુસ્તકો ભેગા કર્યાં.૨૪ દિસેમ્બર,૧૫૭૬ બુધવાર ના રોજ અમદાવાદ માં અવસાન થયું. એના દ્વારા બનાવેલ મસ્જીદ માં દફનાવવામાં તેને આવ્યા.

**સીદી સઇદ ની મસ્જીદ:-**

તે મસ્જીદ લાલ દરવાજા ની નજીક આવેલી છે. અને સીદી સઇદ ની મસ્જીદ કહેવાય છે.આ મસ્જીદ નું નિર્માણ ૧૫૭૨-૭૩ માં સીદી સઇદ દ્વારા કરવામાં આવ્યું હતું. ઈમારત ની દ્રષ્ટિએ તેનું કોઈજ મહત્વ નથી.તે ૧૨ સ્તંભ પર ટકેલી છે તેના દ્વાર પર બે –મિનારા પણ છે.અને અંદરની ૧૫ ગુમ્બદ બનેલા છે. તેની લંબાઈ ૬૮'અને પહોળાઈ ૩૭' છે. પ્રાચીન હિંદુ શૈલી ની જેમ અસ્તકોણ સ્તંભ ઉપર ગુંબદ મૂકીને છત બનાવામાં આવી છે. ત્યાં મસ્જીદ ની પાસેજ સીદી સઇદ ની મજાર બનેલી છે ત્યાં એક સાથે ઘણા લોકો નમાજ કરી સકે તેવી સરસ ખુલી જગ્યા આવેલી છે.આ મસ્જીદ વિશ્વ પ્રસિદ્ધ તેની કલાત્મક જાળીઓ ના કારણે છે.

**સીદી સઇદ ની જાળી:-**

**અમદાવાદમાં આવેલી** સીદી સઇદ **ની જાળી તેની કલાત્મકતા અને સુંદરતા માટે વિશ્વ-વિખ્યાત છે.બે જાળીઓ ઉપર ઝાડ-પાન(ખજૂરી)ની આકૃતિઓ કોતરેલી છે, જે અમદાવાદ ના શિલ્પ સ્થાપત્ય ના ઈતિહાસ નું સોનેરી પાનું છે આ ઝાડ-પાન એવી રીતે સુમેળ અને સુંદરતાથી કંડારવામાં આવ્યા છે કે એક નાના બગીચાનું દ્રશ્ય ઉભું થાય છે. ખજૂરી કે નારીયેળીના ઝાડ અને ડાળીઓ છે. એવી કોમળતા થી બનાવામાં આવ્યા છે કે માણશ તેને જોઈ ને અચંબામાં પડી જાય.તે ૧૧ ફૂટ પહોળી અને ૭ ફૂટ ઉંચી જાડા પથ્થર માં આરપાર કોતરેલા ચોરસ રેતીયા પથ્થરો પર કોતરની કરી જીગ્સો પઝલ ની જેમ ભેગા કરી ને બનાવેલી છે. આ જાળી ની નકલ પહેલી નકલ લાકડા માં એક હજાર રૂપિયા ના ખર્ચે થયી હતી.**

**જાળી વિશે વિદેશીઓ ના અભિપ્રાય :-**

**મિસ્ટર હોપે એ લખ્યું છે કે પૂર્વીય જગતમાં તેનું ઉદાહરણ મળતું નથી. કેનસિંગટન એ ૧૮૮૦ માં આ જાળી ને હુબહુ કાગળ પર ઉતારી અને તેના લાકડાના મોડેલ ત્યાર કરવામાં આવ્યા હતા.જે હાલ ન્યુયોર્ક ના સગ્રહાલય માં છે. ફરગ્યુંસને લખ્યું છે કે આગરા અને દિલ્હી માં**

**આવી ક્યાય જાળી જોવા મળતી  નથી,મધ્ય યુગમાં ગ્રીસ વગેરે સ્થળોએ એનું ઉદાહરણ મળતું નથી.આ કૃત્રિમ નહિ બલકે નેસર્ગિક દેખાય છે,તેમને બનાવનારો કળા માં નિપૂર્ણ નહિ પરંતુ શોધક હશે. તેની બુધિ દ્વારા નવા નવા નકસા બનાવ્યા અને આકાર આપ્યા અને તેને પથ્થરો પર આવી રીતે આકૃતિ બનાવી કે પથ્થરો પર નહિ પરંતુ કાપડ પર વણી નાખી હોય.તેમાં સોની ચિત્રકાર ,શિલ્પી ,સુથાર ,કડિયા,સલાટ બધાના આત્માઓ ભેગા થાય ગયા છે.**

**રશીયાનો રાજકુમાર ઝાર અમદાવાદની મુલાકાતે આવ્યો ત્યારે આ જાળીઓ જોઈને તેને કહ્યું હતું કે આમાં વૃક્ષો અને પાંદડાઓ એવી રીતે બનાવામાં(કોતરવા) આવ્યા છે કે ધુલિયા નગર ત્થા રણપ્રદેશ ને ભૂલી જવાય.**

**સર જોહ્ન માર્સલ જેવો ઇતિહાસકાર લખે છે કે એ મસ્જીદ તેની બે જાળી ઓ ને લઇ ને આખી દુનિયામાં માં પ્રસીધ્ધ છે.ખાસ કરી ને બે જાળીઓ ફળ ફૂલ અને વેલ જેવી આકૃતિ ક્યાય જોવા મળતી નથી.**

**ઉપસંહાર:-**

આજે તે દેશ અને વિદેશ ના લોકો આકષણ કેન્દ્ર બન્યું છે. આઇ.આઈ.એમ. અમદાવાદ એ પોતાના પ્રતિક માં સ્થાન આપ્યું છે. મરાઠાઓ અને અંગ્રેજો ના સમય માં એક તબ્બકે આ જાળી ને ચુના થી રંગી નાખવામાં આવી હતી જોનારાવો તેને આરસ ની હોવાનું માનતા હતા જયારે ત્યાર પછી ના સમયમાં આ અતુલ્ય વારસા ની સાચવણી લોર્ડ કર્ઝન ને પુરાતન ઈમારતો માં ઘણો રસ હતો. વાયસરોય બની ને હિન્દુસ્તાન માં આવ્યો ત્યારે તેને પુરાતત્વ વિભાગ નું ખાતું ખોલ્યું તેમાથી સરકારી કચેરી ખાલી કરી ને પુરાતત્વ વિભાગ હેઠળ સુની વકફ બોર્ડ એ લીધો. આમ અપની ભવ્ય વારસાની સાચવણી પણ કરવામાં આવી. અમદાવાદ કોર્પોરેસનના સતાવાળાઓ મેહેમાનનો ને જાળી ની પ્રતિકૃતિની ભેટ આપે છે.વરસો પછી પણ ગરમી,ઠંડી, વરસાદ જીલ્યા છતા તેને આંચ આવી નથી.

**સંદર્ભસૂચિઃ-**


1. જોટે,રત્નમનીરાવ ભીમરાવ - એતિહાસિક નગરી 'અમદાવાદ' –અકદસ પ્રકાશન બેગમપરા, સુરત.
2. મોલાના-સૈયદ, અબુ ઝફર નદવી, -ગુજરાત નો સંસ્કૃતિક ઈતિહાસ (સલ્તનત અને મોગલકાલ)અનુવાદક-મેહેબુબ હુ.એ.હુ.અબાસી-પ્રકાશક, એ.બી.એસ.બૂક ડીપો-અહમદઆબાદ
3. સ્વ. આચાર્ય,નવીનચંદ્ર આનંદીલાલ (૨૦૧૫)તૃતીય આવૃત્તિ –ગુજરાત નો સંસ્કૃતિક ઈતિહાસ (૧૩૦૪-૧૮૧૮),ગુ.યુ.ગ્ર.નિ.બોર્ડ.ગુજરાત રાજ્ય –અમદાવાદ
4. "કુમાર",ગુજરાતી માસિક,જાન્યુ-૧૯૫૩
5. પત્રિકા,શંકર શર્મા ,અમદાવાદ આવૃત્તિ,૨૯–સપ્ટેમ્બર,૨૦૧૬.
6. કલીમ એહમદ જી. અહમદાબાદનો ઈતિહાસ, એન.બી.એસ.બુક અમદાવાદ ઈ.સ. ૨૦૧૫
7. જોટે રત્નમણિરાવ ભીમરાવ, અમદાવાદ ગુજરાતનું પાટનગર, ઈ.સ. ૧૯૨૯.
8. Purnima Mehta Bhatt,- The African Diaspora in India New Yoark. 2018 A.D.
9. રુબરુ મુલાકાત